તમારા સંતાનને તમે કેવા બનાવવા ઇચ્છો છો
સસલા જેવા કે સિંહ જેવા?
નિર્ણય છે તમારા હાથમાં...

# એકરાર


ડો. જિતેન્દ્ર અઢિયા, એમ.ડી.



RUDRA
PUBLICATION
...publishing positivity...

25/B, Govt. Society, B/h, Municipal Market.
Off. C.G. Road, Navrangpura, Ahmedabad-380 009.
Ph.: 079-26447393 • Mobile: 098259 25947
emails:
inforudrapublication@gmail.com
rudrapublication1@gmail.com
www.rudrapublication.com
Buy online www.clickabooks.com

**For Home Delivery: Mobile : +91-99241 43847**

# એકરાર

ડૉ. જિતેન્દ્ર અઢિયા

**Copyright @ Dr. Jeetendra Adhia**

All Rights reserved. No Part of this publication may be reproduced, stored in a retrieval system or transmitted, in any form or by any means, electronic, mechanical, photocopying, recording or otherwise without the prior written permission of the copyright owner

ISBN : 978-93-80420-32-5

5th Edition - 26 January, 2016

₹ **35/-**

: Creative Team :

**Rajiv Bhalani, Ankit Pardhi,**

**Dr. Nishtha Dembla, Nandlalbhai Shah**

: Design & Layout :

**Manu Patel**

7383968947

: Printing :

**Rudra Publication**

: Publisher :

**Adhia International**

mindtraininginstitute.net

www.drjeetendradhia.com

# સપ્રેમ ભેટ



સ્નેહીશ્રી, ..............................................

આપને ભેટ આપવા માટે મને
કોઈક વસ્તુની તલાશ હતી.
શું આપું? શું ન આપું એની મૂંઝવણ હતી.
છેવટે વિકલ્પ મળી ગયો.
હું તમને એક નવી જ ભેટ આપું છું.

મારી આ ભેટ
આપના પારિવારીક જીવનને
નવપલ્લવિત કરવામાં અત્યંત મદદરૂપ થશે.
ખૂબ આશા અને વિશ્વાસ સાથે
આ ભેટ અર્પણ કરું છું. ઉપયોગ કરજો.
શુભેચ્છાઓ...

સહી : ........................

તારીખ : .....................

# અનુક્રમણિકા


૧. વિચારવા જેવી વાત ........................................ ૫

૨. શું અપનાવેલો માર્ગ સાચો છે? ............................ ૭

૩. ખોટી પદ્ધતિની અસર .................................... ૯

૪. ખરેખર શું બને છે? ...................................... ૧૧

૫. આપણી ગેરસમજણ ........................................ ૧૩

૬. નવી સમજણ-નવાં પગલાં .................................. ૧૫

૭. ભૂલો પ્રત્યે જાગૃતિ ........................................ ૧૭

૮. ભૂલોની શોધ .............................................. ૧૯

૯. ભૂલોનો એકરાર ............................................ ૨૧

૧૦. એકરાર નહિ કરો, તો શું થશે? ........................... ૨૩

૧૧. માતા-પિતાની મૂંઝવણ ...................................... ૨૫

# ૧

# વિચારવા જેવી વાત

વિશાખા જ્યારે મારી પાસે પર્સનલ કાઉન્સેલિંગ માટે આવી, ત્યારે ખૂબ દુઃખી હતી. મેં જ્યારે એને દુઃખનું કારણ પૂછ્યું, ત્યારે એણે કહ્યું મારાં લગ્નને સત્તર વરસ થયાં. સત્તર વર્ષથી હું સાસરીમાં છું, છતાં મારાં સાસુ-સસરા મને આખો દિવસ ટોક્યા કરે છે.

મેં પૂછ્યું : "કઈ બાબતમાં ટોકે છે?"

વિશાખા : ઘણી બધી બાબતોમાં ટોક-ટોક કરે છે. ઘરકામમાં વાંક કાઢ્યા કરે છે, રસોઈમાં ભૂલો કાઢે છે, હું મારી ફ્રૅન્ડ્ઝ સાથે ફોનમાં વાત કરું ત્યારે ટોકે છે. હું જાણે કે એમને ગમતી જ નથી.

મેં પૂછ્યું : "એનાથી તમને શું થાય છે!" અને એ રડી પડી. રડતાં-રડતાં કહ્યું :"મને અંદરથી ખૂબ મૂંઝારો થાય છે, હવે સહન નથી થતું... ક્યાંક ચાલી જઉં એમ થયા કરે છે, મારી જિંદગીમાં તો કોઈ સુખ જ નથી. આ દુનિયામાં જાણે મારું કોઈ છે જ નહિ એવું લાગ્યા કરે છે." થોડી વાર એને રડવા દીધી. પછી પાણી આપ્યું. એણે પાણી પીધું.

એ થોડી સ્વસ્થ થઈ, એટલે મેં પૂછ્યું, "ફોનમાં તમે એવું જણાવેલું કે તમારા દીકરા બાબતે કંઈક વાત કરવાની હતી. એના કાઉન્સેલિંગ માટે તમે પૂછપરછ કરતા હતાં?"

વિશાખા : "હા, સર મારે ખાસ તો એની જ વાત કરવાની હતી પણ હું જિંદગીથી એટલી બધી ત્રાસી ગઈ છું કે મારા દુઃખની વાત કરવા લાગી. મારે તમને એ કહેવું હતું કે મારા દીકરા ધ્રુવની મને બહુ ચિંતા છે.

મેં પૂછ્યું : "શું થયું ! શેની ચિંતા છે ?" વિશાખા : સર, એને ભણવામાં જાણે રસ જ નથી. નવમા ધોરણમાં આવ્યો. આવતા વરસે બોર્ડની પરીક્ષા આવશે. જરાય ગંભીરતા જ નથી એનામાં.

જ્યારે જુઓ ત્યારે કાં તો કમ્પ્યૂટર ગેમ અથવા ટીવીની સામે જ બેઠો હોય. કોઈ મિત્રે બૂમ પાડી નથી કે દોડીને બહાર ગયો નથી. એના પુસ્તકો અસ્તવ્યસ્ત હોય, અરે નાહીને બાથરૂમમાંથી બહાર આવે, તો એને વાળ વ્યવસ્થિત રીતે લુછવાનું પણ કહેવું પડે. જમવાનાં કોઈ ઠેકાણાં નહિ. આટલા મોટા છોકરાને આટલી પણ ખબર કેમ નહિ પડતી હોય ? અત્યાર સુધી તો ઠીક હતું, પણ હવે તો એ ખોટું પણ બોલવા લાગ્યો છે. હું તો સાહેબ બન્ને બાજુથી દુ:ખી-દુ:ખી થઈ ગઈ છું. આમ ને આમ હું ગાંડી થઈ જઈશ."

મેં પૂછ્યું : "તો તમે શું પગલાં લીધાં ?"

વિશાખા : "અરે હું તો થાકી ગઈ છું સર, એને કહી કહીને. એટલી બધી વાર ટોકું છું તોપણ એને કોઈ અસર જ નથી. દિવસમાં દસ વાર એની ભૂલ બતાવું છું તોપણ એ સુધરતો જ નથી. રોજ એક વાર તો એના ઉપર ગુસ્સો કરવો જ પડે."

મેં પૂછ્યું : તો એની શી અસર થઈ ?

વિશાખા : અસર શું થાય ? એને સુધરવું હોય તો ને ?

પછી મેં કહ્યું : તમારાં સાસુ-સસરા દ્વારા થતી ટીકાના કારણે જો તમારે કાઉન્સેલિંગ માટે આવવું પડતું હોય, અહીં આવીને રડી પડતા હો અને જિંદગી તમારા માટે અસહ્ય થઈ પડી હોય, તો તમારા દ્વારા થતી ટીકા અને ટોક-ટોકની તમારા દીકરા ઉપર શી અસર થતી હશે ? તમારી ટીકા કરનારા તો તમારાં સાસુ-સસરા છે, જ્યારે ધ્રુવની ટીકા કરનાર તો એની સગી મા છે ! એ પોતાની જિંદગીથી ત્રાસી નહિ ગયો હોય ?

અને વિશાખા સ્તબ્ધ થઈ ગઈ. ફાટી આંખે જોતી રહી જાણે કાપો તો લોહી ન નીકળે.

# ૨

## શું અપનાવેલો માર્ગ સાચો છે ?

હવે હું આપને પ્રશ્ન પૂછું છું. શું તમે તમારા સંતાનોને ટોક્યાં છે ? એમની ટીકાઓ કરી છે ? અથવા શું અત્યારે પણ તમારે એમના ઉપર વારંવાર ગુસ્સો કરવો પડે છે ?

આપણે આવું કરતા હોઈએ છીએ, કારણ કે આપણે આપણાં સંતાનોનું ભલું ઇચ્છતા હોઈએ છીએ. એમનું વર્તન કે વ્યવહાર સુધરે તેવું ઇચ્છીએ છીએ. એનામાં સારા ગુણ કેળવાય તેવું ઇચ્છીએ છીએ. દરેક માતાપિતાની આવી ઇચ્છા હોય છે. માટે સંતાનોને સમજાવીએ છીએ ! પણ એ ન સમજે, તો નાછૂટકે એના પર ગુસ્સો કરવો પડે અને ટોકવાં પડે અથવા ઇચ્છા ન હોય તોપણ ટીકાઓ કરવી પડે. અને છતાં સુધરે નહિ, તો ક્યારેક થપાટ પણ મારવી પડે. બરાબરને ?

પણ સવાલ એ છે કે શું એના પરિણામે બાળકોનાં વર્તન-વ્યવહારમાં કોઈ સારૂં પરિવર્તન આવ્યું ? સમજાવવાથી તો એમને સમજાતું ન હતું, પણ ગુસ્સો કરવાથી એમનામાં સમજણ આવી ? એમને જે બાબતે વારંવાર ટોકવામાં આવ્યા એ બાબતમાં ટોકવાથી સુધારો આવી ગયો ? એમનાં વર્તનની ટીકા કરવાથી એ વર્તન બદલાઈ ગયું ?

શાંતિથી બેસીને વિચારી જુઓ કે તમારા સંતાનને કઈ ઉંમરથી ટોકવાની શરૂઆત કરવી પડી હતી ? ત્યારથી માંડીને આજ સુધીની ઘટનાઓ વિચારી જુઓ.

અને વ્યવસ્થિત રીતે તારણ કાઢો કે શું ગુસ્સો અને ટીકાના ઉપયોગથી સંતાનોમાં પરિવર્તન આવ્યું?

ના.

તો પછી આ વાતનું તારણ શું નીકળે છે? સંતાનોને ભૂલો દેખાડવાનો, ટીકા કે ગુસ્સો કરવાનો એ આઇડિયા સાચો હતો? ઉપયોગી હતો? કારગત હતો?

ના.

તો પછી એનો અર્થ એ થયો કે આપણાં સંતાનોમાં સારા ગુણો કેળવાય, સારી આદતો વિકસે અને એમની ભૂલો બંધ થાય, એના માટે આપણે પસંદ કરેલો રસ્તો ખોટો હતો. આપણે રસ્તો પસંદ કરવામાં થાપ ખાઈ ગયા. બુદ્ધિશાળી હોવા છતાં થાપ ખાઈ ગયા. ભણેલા હોવા છતાં થાપ ખાઈ ગયા.

પણ થાપ કેમ ખાઈ ગયા?

કારણ કે આપણી પાસે બીજો કોઈ માર્ગ હતો નહિ. બીજું કોઈ સાધન હતું નહિ. જે સાધનો હતાં, એમાંથી આ શ્રેષ્ઠ લાગ્યું એટલે એ વાપર્યું.

ચાલો, કંઈ વાંધો નહિ.

પણ જે ગુસ્સો કર્યો, ટીકાઓ કરી,
હંમેશાં એની ભૂલો તરફ ધ્યાન દોર્યું,
એની કંઈક તો અસર એમના ઉપર થઈ હશે ને?

હા વળી. કંઈક તો અસર થાય જ ને?

ચાલો જોઈએ, શું અસર થઈ છે...